**જામનગર મહાનગરપાલિકા**

**ભરતી અંગેની જાહેરાત**

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવોથી રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત UPHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) શરૂ કરવા માટે જામનગર મહાનગરપાલિકામાં નીચે જણાવ્યા મુજબ જગાઓ તદન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦% ગ્રાંટ આધારિત મંજુર થયેલ છે. આ જગાઓ હાલ તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી મંજુર થયેલ છે. દર્શાવેલ જગાઓ ભરવા માટે ઓનલાઈન અરજી કરવાની છે.

જામનગર મહાનગરપાલિકા હેઠળના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મંજુર થયેલ જગાઓ ભરવા માટે વેબ સાઈટ http://ojas.gujarat.gov.in પર જાહેરાત પ્રસિદ્ધ કરી ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ ભરતી બાબતેની સંપૂર્ણ માહિતી www.mcjamnagar.com વેબ સાઈટ પર પણ ઉપલબ્ધ છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૨૯/૦૧/૨૦૨૦ (૧૩:૦૦ કલાક) થી તા.૧૨/૦૨/૨૦૨૦ (૨૩:૫૯ કલાક) દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૧૨ |
| ૨ | લેબોરેટરી ટેકનીશીયન | ૧૩ |
| ૩ | ફાર્માસિસ્ટ | ૧૨ |
| ૪ | ફીમેલ હેલ્થ વર્કર | ૬૦ |
| ૫ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | ૬૦ |

તા.: ૨૪/૦૧/૨૦૨૦

સ્થળ : જામનગર

**સહિ**

**કમિશ્નર**

**જામનગર મહાનગરપાલિકા**

# જામનગર મહાનગરપાલિકા

## જાહેરાત ક્રમાંક ૦૧ થી ૦૫ / ૨૦૧૯-૨૦ અંગેની વિગતવાર સૂચનાઓ

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવોથી રાજ્યની મહાનગરપાલિકા વિસ્તારમાં અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત UPHC (શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) શરૂ કરવા માટે જામનગર મહાનગરપાલિકામાં નીચે જણાવ્યા મુજબ જગાઓ તદન હંગામી ધોરણે ફિક્સ પગારથી સરકારશ્રીની ૧૦૦% ગ્રાંટ આધારિત મંજુર થયેલ છે. આ જગાઓ હાલ તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી મંજુર થયેલ છે. દર્શાવેલ જગાઓ ભરવા માટે ઓનલાઈન અરજી કરવાની છે.

જામનગર મહાનગરપાલિકાની કચેરીમાં વિવિધ જગ્યાઓ (પત્રકમાં દશાવેલ મુજબ) ઉપર યોગ્ય ઉમેદવાર પસંદ કરવા માટે ઓનલાઈન અરજી પત્રકો માંગવામાં આવેલ છે, આ માટે ઉમેદવારોએ http://ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી તા:૨૯/૦૧/૨૦૨૦ ના રોજ (બપોરના ૧૩:૦૦ કલાક સુધીમાં) થી તા:૧૨/૦૨/૨૦૨૦ (સમય રાત્રીના ૨૩:૫૯ કલાક સુધીમાં) દરમ્યાન અરજી કરવાની રહેશે.

(૧)

<table>
<tr><td>ક્રમ</td><td colspan="3">જગ્યાનું નામ</td><td colspan="2">પગાર ધોરણ</td><td colspan="2">માસિક પગાર</td><td colspan="2">જગ્યા ની સંખ્યા</td><td>વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ)</td><td>પસંદગીની પદ્ધતિ</td></tr>
<tr><td>૧</td><td colspan="3">૨</td><td colspan="2">૩</td><td colspan="2">૪</td><td colspan="2">૫</td><td>૬</td><td>૭</td></tr>
<tr><td>૧</td><td colspan="3">તબીબી અધિકારી વર્ગ-૨</td><td colspan="2">૫૩૧૦૦ - ૧૬૭૮૦૦</td><td colspan="2">-</td><td colspan="2">૧૨</td><td>૩૫</td><td>સ્પર્ધાત્મક પરીક્ષા</td></tr>
<tr><td colspan="12"><u>કેટેગરી વાઈઝ જગ્યા</u></td></tr>
<tr><td colspan="2">બિન અનામત</td><td colspan="2">અનુ. જાતિ</td><td colspan="2">અનુ. જન જાતિ</td><td colspan="2">સા.શૈ.પ.વર્ગ</td><td colspan="2">આર્થિક નબળા વર્ગ</td><td>માજી સૈનિક અનામત(કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી)</td><td>વિક્લાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી)</td></tr>
<tr><td colspan="2">૮</td><td colspan="2">૯</td><td colspan="2">૧૦</td><td colspan="2">૧૧</td><td colspan="2">૧૨</td><td>૧૩</td><td>૧૪</td></tr>
<tr><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td></td><td></td></tr>
<tr><td>૪</td><td>૩</td><td>૦</td><td>૦</td><td>૧</td><td>૦</td><td>૨</td><td>૧</td><td>૧</td><td>૦</td><td>૧</td><td>૦</td></tr>
</table>

(૨)

<table>
<tr><td>ક્રમ</td><td colspan="3">જગ્યાનું નામ</td><td colspan="2">પગાર ધોરણ</td><td colspan="2">માસિક પગાર</td><td colspan="2">જગ્યા ની સંખ્યા</td><td>વય મર્યાદા (નિર્દેશ કર્યા મુજબ)</td><td>પસંદગીની પદ્ધતિ</td></tr>
<tr><td>૧</td><td colspan="3">૨</td><td colspan="2">૩</td><td colspan="2">૪</td><td colspan="2">૫</td><td>૬</td><td>૭</td></tr>
<tr><td>૨</td><td colspan="3">લેબ ટેકનીશીયન</td><td colspan="2">૨૯૨૦૦ -૯૨૩૦૦</td><td colspan="2">૩૧૩૪૦</td><td colspan="2">૧૩</td><td>૩૬</td><td>સ્પર્ધાત્મક પરીક્ષા</td></tr>
<tr><td colspan="12"><u>કેટેગરી વાઈઝ જગ્યા</u></td></tr>
<tr><td colspan="2">બિન અનામત</td><td colspan="2">અનુ. જાતિ</td><td colspan="2">અનુ. જન જાતિ</td><td colspan="2">સા.શૈ.પ.વર્ગ</td><td colspan="2">આર્થિક નબળા વર્ગ</td><td>માજી સૈનિક અનામત(કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી)</td><td>વિક્લાંગ અનામત (કોલમ ન. ૫ની કુલ જગ્યા પૈકી)</td></tr>
<tr><td colspan="2">૮</td><td colspan="2">૯</td><td colspan="2">૧૦</td><td colspan="2">૧૧</td><td colspan="2">૧૨</td><td>૧૩</td><td>૧૪</td></tr>
<tr><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td>સામાન્ય</td><td>મહિલા</td><td></td><td></td></tr>
<tr><td>૫</td><td>૩</td><td>૦</td><td>૦</td><td>૧</td><td>૦</td><td>૨</td><td>૧</td><td>૧</td><td>૦</td><td>૧</td><td>૦</td></tr>
</table>

**નોંધ :-**

(૧) જાહેરાત ક્રમાંક : ૦૪ માં દર્શાવેલ જગ્યાઓ ફક્ત મહિલાઓ માટે છે આથી ફક્ત મહિલા ઉમેદવારે જ ઉમેદવારી નોંધાવવી.

(૨) જાહેરાત ક્રમાંક: ૦૫ માં દર્શાવેલ જગ્યાઓ ફક્ત પુરુષ માટે છે આથી ફક્ત પુરૂષ ઉમેદવારે જ ઉમેદવારી નોંધાવવી.

(૩) દરેક નિમણુંક માટે લાયકાતના ધોરણો રાજ્ય સરકારના પ્રવર્તમાન ભરતી નિયમો અને સૂચનાઓને આધીન રહેશે.

(૪) આ જાહેરાત સંદર્ભે કોઈ પણ પ્રકારની પૂછ પરછ માટે જામનગર મહાનગરપાલિકા ખાતે ફોન નંબર ૮૭૩૩૯૩૨૨૫૩ ઉપર ઓફીસ સમય દરમ્યાન સવારે ૧૦-૩૦ થી સાંજે ૧૮-૧૦ સુધી સંપર્ક કરી શકાશે.

(૫) **શૈક્ષણિક લાયકાત તથા અનુભવ :-**

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત તથા અનુભવ |
|---|---|---|
| ૧ | તબીબી અધિકારી વર્ગ- ૨ | (૧) ભારત સરકાર દ્વારા માન્ય યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ. ડિગ્રી **અથવા** ઇન્ડિયન મેડીકલ કાઉન્સિલ એકટ - ૧૯૫૬ હેઠળ નિયત કરાયેલ શેડ્યુલ - ૧ અને ૨ માં નિર્દેશ કરેલ અન્ય સમાન શૈક્ષણિક લાયકાત.<br>(૨) ઇન્ટરશીપ પુર્ણ કરેલ હોવી ફરજીયાત તથા અનુભવ હોય તો સામેલ કરવું.<br>(૩) નિયત કરાયેલ કોમ્પ્યુટર સંબંધે મૂળભૂત જ્ઞાન હોવું જોઈએ.<br>(૪) ગુજરાતી **અથવા** હિન્દી **અથવા** બંને ભાષા પર પ્રભુત્વ હોવું જોઈએ. |
| ૨ | લેબોરેટરી ટેક્નીશ્યન | (૧) ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમની હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ - ૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થાની કેમેસ્ટ્રી અથવા માઈક્રોબાયોલોજી અથવા બાયોકેમેસ્ટ્રી સ્નાતકની પદવી<br>**અને**<br>(૨) ભારતમાં કેન્દ્રિય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઇપણ યુનિવર્સિટીની અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ - ૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી (૧) ડીપ્લોમાં ઇન લેબોરેટરી ટેક્નીશ્યન અથવા (૨) મેડીકલ લેબોરેટરી ટેક્નીશ્યન કોર્ષ અથવા (૩) મેડીકલ ટેકનોલોજીમાં ડીપ્લોમાં અથવા (૪) પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઇન મેડીકલ લેબોરેટરી ટેકનોલોજી અથવા (૫) એક વર્ષનો મેડીકલ લેબોરેટરી ટ્રેનીંગ કોર્ષ અથવા (૬) લેબોરેટરી ટેક્નીશ્યન ટ્રેનીંગ કોર્ષ નું પ્રમાણપત્ર ધરાવતો હોવો જોઈએ. |

(U) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો રજુ કરાયેલ હોવાનું માલુમ પડશે તો તેવી અરજી રદ થવાને પાત્ર રહેશે. તેમજ આવા પુરાવા થકી નિમણુંક મેળવવામાં આવી હશે તો તે તાકીદની અસરથી ગમે ત્યારે રદ કરવામાં આવશે તથા જરૂરી ફોજદારી પગલાં લેવાને પાત્ર થશે.

(V) નીચે દર્શાવેલ કારણોસર અરજદારની અરજીઓ અસ્વીકારને પાત્ર ઠરશે.
(રદ થવાને પાત્ર રહેશે.)

(૧) અરજી પત્રકમાં અરજી કરનારની સહી તેમજ અરજી પત્રકમાં ફોટા ઉપર સહી કરેલ ન હોય (એક અગર બન્ને જગ્યાએ) તેવા સંજોગોમાં.

(૨) અરજદારે અરજીમાં કેટેગરી પૈકી એક પણ કેટેગરી ન બતાવેલ હોય અથવા એક થી વધુ બતાવેલ હોય તેવા સંજોગોમાં.

(૩) જે તે કેડરની જગ્યા માટે નિયત કરેલ શૈક્ષણિક લાયકાત તેમજ પાસ કર્યાનું વર્ષ તથા કેટલા પ્રયાસોમાં બતાવેલ ન હોય તેવા સંજોગોમાં .

(૪) અરજદારે અરજી પત્રકમાં જન્મ તારીખ અધુરી કે બતાવેલ ન હોય અથવા જન્મ તારીખમાં અવાસ્તવિક વર્ષ- માસ- દિવસ બતાવેલ હોય તેવા સંજોગોમાં.

(૫) અરજદારની વય નિયત કરાયેલ તારીખે લઘુતમ વયમર્યાદા ૧૮ વર્ષની ધરાવતાં ન હોય તેવા સંજોગોમાં.

(૬) અરજદાર ધ્વારા નિયત થયેલ ફોર્મમાં અરજી કરેલ ન હોય તેવા સંજોગોમાં.

(૭) મહિલા ઉમેદવારે પતિના નામ સાથે અરજી કરેલ હોય પરંતુ મેરેજ રજીસ્ટ્રેશન સર્ટી કે ગર્વમેન્ટ ગેઝેટની નકલ રજુ કરેલ ન હોય તેવા સંજોગોમાં.

(૮) અરજીમાં જણાવેલ તમામ વિગતો માટેના માન્ય જરૂરી પ્રમાણિત પુરાવાઓ સામેલ કરેલ ન હોય તેવા સંજોગોમાં.

(૯) ઉમેદવારોએ તમામ પ્રમાણપત્રો જામનગર મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે સ્વ-પ્રમાણિત કરી રજુ ન કરવામાં આવે તેવા સંજોગોમાં.

**તારીખ :- ૨૪/૦૧/૨૦૨૦**

**જામનગર**

**સહી/-**

**કમિશ્નર**

**જામનગર મહાનગરપાલિકા**